સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

છૂટે પરસેવા, મુંબઇ-તપાસે, ફણગા ફૂટે છે,
રાખી લમણે પિસ્તોલ, પવાર સરકાર લૂંટે છે,
ખૂટે દીરજ છતાં બંધાયા ખૂંટે, તૂટે ન સંબંધો -
પીડા તો છે પેટમાં પવારનાં, પણ માથું કૂટે છે..
(પૃથ્વીરાજ ને બદલાવો!)

હાઈકુ

પેટ્રોલ ભાવે
થાય ચડઉતર -
પ્રજાના શ્વાસ..

નેતાઓ પણ,
નકલી નોટો જેમ -
છે ચલણમાં..

ચિંતન

શીતેઅનીતે વસનમશનં વાસરાન્તે નિરાન્તે કીડારમ્ભં કુવલયદશાં યૌવનાન્તે વિવાહમ્ ।
સેતોર્બન્ધં પયસિ ચલિતે વાર્ધ કે તીર્થયાત્રાં વિત્તેઅતીતે વિતરણમતિં કર્તુમિચ્છન્તિ મૂઢાઃ ॥

'ઘોડા નાસીજાય પછી તબેલાને તાળાં' એ કહેવત ને યથાર્થ રીતે સમજાવતો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો છે :-

'જે મૂઢ-મૂર્ખ જનો છે તે યોગ્ય સમય-કાળ વહી ગયા પછી કાર્ય કરવા ઇચ્છતા હોય છે. અથવા સમય પસાર થઇ જાય પછી જ પ્રયત્ન શરૂ કરે છે. દા.ત. શિયાળો પૂરો થઇ જાય પછી ગરમ-ઉનના વસ્ત્રો ખરીદવા નીકળે, કે સિવડાવે છે.'

ભોજનનો નિયમ સમય મધ્યાહ્નનનો છે પણ દિવસનાં અંતે તો હજુ વિચારે આજે રસોઇ (બપોરની) શું કરશું! રાત પૂરી થવા આવી હોય ત્યારે પતિ-પત્ની રતિક્રીડા માટે વિચારણા કરે! તત્પર થાય, યૌવન પસાર થઇ ગયા પછી લગ્ન માટે તૈયાર થાય જાહેરાતો કે સાઇબર શોધવા નિકળે! નદીના પાણી વહી ગયા પછી બંધ બાંધવાના આયોજન કરે! વૃદ્ધાવસ્થા આવ્યા પછી યાત્રાઓનાં આયોજન કરે (દમ-શ્વાસ-ડાયાબીટીશ-હૃદયરોગ જેવા સથવારા સાથે પછી યાત્રા ન થાય, યુવાવસ્થામાં જ કપરી યાત્રાઓ કરી લેવી જોઇએ.) અને પૈસા ખલાસ થવા આવ્યા હોય પછી જ દાન-ધર્મની બુદ્ધિ આવે તેનો કોઇ અર્થ નથી. કોઇ પણ યોગ્ય સમયે કરી લેવું- 'પછી' પર કંઇ જ ન મૂકાય..

સુવિચાર

- પ્રાણનો મોહ ત્યાગ કરવો એનું નામ 'વીરતા' - જયશંકર પ્રસાદ
- સાચી હિંમત ગમે તેવા જોખમ સાથે ઘસી જવામાં નથી પરંતુ વ્યાજબી કારણને હિંમતથી વળગી રહેવામાં છે - ગાંધીજી
- સલામત જગ્યાએથી વીરતાના બ્યૂગલ ફૂંકવા સરળ છે - બિશપ
- વિવેક વિનાની વીરતા એ મહાસાગરના મોજાં પર મહાલતી નાવ જેવી છે તે ક્યારે તમને પછાડે ને ડૂબાડે તે નક્કી નહીં - બેકન
- વીરતા માત્ર વર્ણન કે બતાવવાની બાબત નથી પણ યોગ્ય સમયે અજમાવવાની બાબત છે - થોમસ હુલર
- કજીયા-કંકાસથી સદા દૂર રહેનારો અને ક્ષમાવાન જ સાચો વીર પુરૂષ છે - સ્વામી વિવેકાનંદ
- આત્મવિશ્વાસ એટલે જ વીરતા - એમર્સન

બોધ કથા

આપણને જીવનનો હેતુ શું છે એની જ ખબર નથી હોતી તેથી એ પકડવા આમથી તેમ ભટકયા કરીએ છીએ. મંદિર-સ્વાધ્યાય-સત્સંગ-મહાત્મા-કર્મયોગ-સેવા ન જાણે ક્યાં ક્યાં! એક લક્ષ્યની ખબર નથી હોતી.

સ્વામી રામતીર્થ જીવનનો હેતુ જાણવા એક ટેકરી પર ઊંચે ચઢી ભગવાને બૂમો પાડી પૂછતા કે તેં મને કયા હેતુ માટે મોકલ્યો છે?

જો હેતુ આપણને હાથ આવી જાય તો એને જ લક્ષ્ય બનાવી મંડયા રહીએ તો જીવન સફળ થઇ જાય.

સંગીતકાર એ.આર.રહેમાનને એમનાં જીવનનું લક્ષ્ય હાથમાં આવી ગયું છે અને એથી એ 'દિવ્ય' સંગીતના સર્જક થઇ ગયા. એમના સૂફી સંગીતના ગીતોમાં એ દિવ્યતા (થોડી પણ સંગીતની સમજ હોય તો) અનુભવવા મળે છે.

જોધા અકબરનું - સૂફી ભજન, રોકસ્ટારનું કૂન પાયા, લગાનનું અને સ્વદેશના પ્રાર્થના ગીતોમાં હૃદયપૂર્વકની પ્રાર્થના અને દિવ્ય સંગીતનું દર્દ ભર્યું છે એમાં ક્યાંક ધાર્મિકવાદ નથી, માત્ર 'ઇશ્વરીય' ભાવ જ છલકે છે.

સ્લમ ડોગ મિલિયોનર ફિલ્મને સંગીત માટે એવોર્ડ મળ્યો ત્યારે તે સ્વીકારતાં શ્રી રહેમાન અશ્રુભીની આંખે બોલ્યા હતા. "ઓલ માય લાઇફ આઇ હેડ એ ડ્રીમ ટુ વીન લવ એન્ડ હેઇટ, બટ આઇ ચૂઝ લવ એન્ડ હીયર આઇ એમ."

જીવનમાં 'પ્રેમ' ની પસંદગીનો હેતુ હાંસલ કરી દિવ્યસંગીતના દેવદૂત બની ગયા રહેમાન...

સવાર-સાંજ દીવા-અગરબત્તી થાય છે, કેટલા બધા ભગવાનની મૂર્તિઓ અને ફોટાઓ પૂજામાં રાખ્યા છે, એ બધા ભગવાન મમ્મી પપ્પા વચ્ચે થતાં ઝઘડા કેમ અટકાવતાં નથી

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

કોણ જાણે આ પપ્પા મમ્મી કેવાં છે? કંઇ માટીનાં બન્યાં છે. જયારે જુઓ ત્યારે પોતાના મોબાઇલમાં જ ખોવાયેલાં રહે છે. પરસ્પર બંને વાત કરતાં નથી પણ મોબાઇલમાં કલાકો સુધી વાતો કર્યા કરે છે. કોણ જાણે કોની સાથે વાતો કરતાં હશે. એ પણ ખુબ હસી હસીને, બાકી આમ તો જરાય હસતાં નથી. મોબાઇલના કારણે બંને વચ્ચે ઝગડા થાય છે. કોનો મિસકૉલ હતો? કોનો મેસેજ હતો? કોની સાથે વાત કરતાં હતા? મમ્મી પપ્પાને કહેતી 'તમારી પેલી છે ને' ત્યારે પપ્પા મમ્મીને કહેતાં 'તારો પેલો છે.' આ પેલો અને પેલી કોણ એ મને સમજાતું નથી. અને એ જ વાતે બંને ઝઘડતાં રહે છે. એકવાર તો બંને વચ્ચે એવો ઝગડો થયો કે મમ્મી એ ગુસ્સામાં પપ્પાનો મોબાઇલ એટલો જોરથી ફેંક્યો કે એ તૂટી ગયો. પપ્પા બીજે દિવસે બજારમાંથી નવો મોબાઇલ લઇ આવ્યા. પહેલા હતો તેના કરતાં પણ સારો અને મોંઘો.

અને હું, મમ્મી-પપ્પાને મારી તો ગણતરી જ નથી. નથી તો મારા તરફ કંઇ ધ્યાન આપતાં કે નથી મારી સાથે રમતાં. અરે! મને બહાર રમવા પણ જવા દેતાં નથી. મને ભગવાન પર ખુબ જ ગુસ્સો આવે છે કે તેં મને આવા ઘરમાં મોકલ્યો જ શું કામ? અને હવે કયાંક દેખાતો ય નથી. ટી.વી.માં માય ફેન્ડ ગણેશા, છોટા ભીમ, કૃષ્ણ... કાર્ટૂન નેટ્વર્ક પર બધાં ભગવાન દેખાય છે. યાદ કરતાં વેંત ચપટી વગાડતાં પ્રગટ થઇ જાય છે. પણ મને કેમ જોવા મળતા નથી. પપ્પા-મમ્મીના અલગ અલગ મોબાઇલ છે. મારા માટે કંઇ નહીં. એ લોકો મોબાઇલ પર વાતો કરે છે. હું કોની સાથે વાતો કરું? મારી સાથે કોણ રમે? મેં કેટલીવાર કહ્યું કે મને ભાઇ લાવી દો. પણ મારું સાંભળતાં જ નથી. હું જાણું છું પપ્પાનો પગાર સારો છે. એટલે એવું તો નથી કે ભાઇ લાવી ન શકે. જયારે હું ભાઇ લાવવાની વાત કરું છું ત્યારે પપ્પા બજારમાંથી મારા માટે રમકડાં લઇ આવે છે. રમકડાં સાથે કંઇ વાતો થઇ શકે ખરી? પકડદાવ, સંતાકૂકડી કંઇ રમકડાંઓ સાથે ના રમી શકાય. કૉમ્પ્યુટર પણ રમવા દેતાં નથી. ટી.વી. જોવાની મનાઇ. તેમને એ ખબર નથી કે ટી.વી. જોઇને જ હું હિન્દી શીખ્યો છું. કેમ કે સ્કૂલમાં અંગ્રેજી અને બહાર બધા ગુજરાતી બોલે છે. મેં ભગવાનને પણ કેટલીયેવાર કહ્યું કે મારે ભાઇ જોઇએ છે. ભાઇ નહીં તો બહેન અપાવી દો. પણ ભગવાન મારું નથી સાંભળતો કે નથી માનતો. ભગવાન ક્યાં રહે છે? મંદિરોમાં તો મૂર્તિયો છે. તેની સામે કોણ જાણે કેટલીયવાર આ વીશ માંગી. પણ એ બોલતી સુધ્ધાં નથી. પપ્પા કહે છે કે, ભગવાન આપણી અંદર રહેલા હોય છે. કેવી વિચિત્ર વાત છે. આપણી અંદર ભગવાન, એનો અર્થ એ થયો કે હું પણ ભગવાન. મને તો લાગે છે કે બધી બકવાસ છે. બધા જુઠ્ઠાડા છે. સ્કૂલમાં જતાં જ પ્રાર્થના કરવાની, તેમાં પણ ભગવાન, કેવું છે નહીં? જે કયાંક દેખાતો નથી તેનું આટલું મહત્વ. અને હું દેખાઉં છું છતાં મારું કોઇ મહત્ત્વ નથી. પપ્પા રાતે સુતી વખતે અને સવારે જાગતાં બંને હાથ મસળીને હથેળીમાં ભગવાનનું નામ લેતાં લેતાં કોણ જાણે શું જુએ છે. હાથોમાં રેખાઓ સિવાય કંઇ દેખાતું નથી. અને રાતે અંધારામાં તો હાથની રેખાઓ પણ ક્યાં દેખાય છે. સવાર-સાંજ દીવા-અગરબત્તી થાય છે. કેટલા બધા ભગવાનની મૂર્તિઓ અને ફોટાઓ પૂજામાં રાખ્યા છે. એ બધા ભગવાન મમ્મી પપ્પા વચ્ચે થતાં ઝઘડા કેમ અટકાવતાં નથી.

પપ્પા-મમ્મી પર ગુસ્સે થાય છે ત્યારે ગાંડા જેવા લાગે છે. ખુબ ખરાબ. જરાય સારા નથી લાગતા. ત્યારે તેમનો ચહેરો તેનો લાગતો જ નથી. એ સીન ટી.વી. સીરીયલ કે ફિલ્મો જેવો હોય છે. ઘણી વખત તો ઝઘડો જોવાની મજા આવી જાય છે. તેમને જ ખબર હોતી નથી કે શું બોલે છે. મને તો લાગે છે કે મમ્મી સીરીયલ જોઇને જ પપ્પા સાથે ઝઘડતાં શીખી છે. બિચારા પપ્પાની તો બોલતી જ બંધ થઇ જાય છે. પપ્પાએ પણ સીરીયલો જોવી જ જોઇએ. જેથી ઝઘડાં કરતાં આવડે તો ખરું? પપ્પા રોજ હારી જાય છે. એ મને બિલકુલ ગમતું નથી. ગુસ્સામાં તેમને ભગવાન કયાંથી યાદ આવે. ન તો એ કયારેય સાથે બેસીને જમે છે કે ન તો ચા પીએ છે. ઘરમાં રહેવા છતાં સાથે બેસીને ટી.વી.પણ જોતા નથી. હૂં કાર્ટૂન નેટવર્ક અને પૉગો જોઉં છું. મમ્મી એક ડાળનાં પંખી, નિહારીકા અને બડે અચ્છે લગતો હો' જેવી સીરીયલો અને પપ્પા ન્યૂઝ, ત્રણેની ત્રણ દિશાઓ, ત્રિકોણ, બજારમાં કે કયાંક પાર્કમાં ફરવા ગયા તો નાની નાની વાતે મોટાં મોટાં ઝઘડાં બંને વચ્ચે થાય છે. આમ તો બંને ખુબ ભણેલાં ગણેલાં છે. પણ શબ્દે શબ્દે ઝઘડાં. પપ્પા કહે છે કે હું ક્યાંક જતો રહીશ.' તો મમ્મી કહે છે કે, હું જ ક્યાંક જાઉં છું. હવે આપણે માટે સાથે રહેવું મુશ્કેલ છે. અલગ થઇ જઈએ. પણ આજ સુધી બેમાંથી કોઇ ક્યાંક પણ ગયા નથી કે અલગ પણ થયાં નથી. બંને જૂઠું બોલે છે અને મને સાચું બોલવાનું શીખવાડે છે. એક દિવસ મેં પપ્પાને કહ્યું, 'તમે ગુસ્સો ન કરો. જેવી રીતે ગુસ્સો આપણા પર કબજો જમાવી શકે છે. તે રીતે આપણે ગુસ્સાને કાબૂમાં કરી શકીએ છીએ. મેં કયાંક વાંચ્યું છે કે ટેન્શન અને ગુસ્સામાં માણસ નબળો પડી જાય છે અને તેને હાર્ટ એટેક આવે છે.'

ઘણી વખત હું પણ એટલો કંટાળી જાઉં છું કે મને એમ થાય છે કે હું ક્યાંક જતો રહું. પણ જવું ક્યાં? પપ્પાનાં ગામડે દાદીમાં પાસે જતો રહું. પણ બે દિવસમાં એ મને શોધી કાઢશે. અથવા તો પછી નવો લઇ આવશે મોબાઇલની જેમ. આ આઇડીયા સારો છે. એ રીતે મારો ભાઇ કે બહેન આવી જશે. અને તેમની અક્કલ પણ ઠેકાણે આવશે. દાદીમા ને તો તેમના ઝઘડાની ખબર જ છે. એકવાર એ આવેલાં બે-ત્રણ દિવસ રહીને જતાં રહ્યાં. તને ત્યાં ગામની નિશાળમાં દાખલ કરી દઇશ. મારી સ્કૂલમાં દફતર જોઇને એ ગભરાઇ ગયેલાં આવડાં નાના છોકરાના ખભે આટલો મોટો બોજ. સ્કૂલવાળાઓને શરમ નથી આવતી. ત્યારે હું તો ખુશાખુશાલ થઇ ગયેલો. પણ મમ્મી પપ્પાએ જવા ન દીધો. દાદીમાએ મને કહેલું કે હવે હું અહીં કયારેક નહીં આવું. બિચારાં ઘરડાં દાદી ગામમાં એકલાં કઇ રીતે રહેતાં હશે. જયારે હું ગામડે જાઉં છું તો મને કેટલી સારી રીતે રાખે છે. ન કોઇ રોકટોક કે બહાર જવા પર પ્રતિબંધ. અહીં તો માટીમાં ના રમતો, સીધો બેસ, ખાવાનું ખાતી વખતે એકેય દાણો ઢોળાવો ન જોઇએ. ફર્શ ગંદી થાય છે. મમ્મી તો રોજબરોજ બૂમાબૂમ કરી, જયારે જુઓ ત્યારે ઉપદેશ જ આપ્યા કરે છે. દાદીમાં ને ઘેર ખાવાનું ઢોળાય તો એ કહે છે કે બિચારાં કીડી-મકોડાં ચકલી ને કાબરો ફૂદતાં ફૂદતાં આવે છે. દાદીમા એ સૌને રોટલાનો ભુક્કો કરીને નાંખે છે. એ રીતે દાદીમાં એ ચકલાં-ચકલીઓની સાથે બેસીને ખાવનું ખાય છે. ગામડાંમાં બસ એક જ વાતની ખોટ છે. બજાર નથી, પણ ત્યાં બચુની એક દુકાન છે. તેમાં ચૉકલેટ, કુરકુરે બધું મળે છે. તેથી એમ થાય છે કે ગામડે જતો રહું.

આ લોકોનાં રોજ રોજના ઝઘડાથી તો હું પણ બોર થઇ ગયો છું. ઝઘડામાં ઘણી વખત એ લોકો મારી બાબતમાં એમ કહે છે કે, આને હૉસ્ટેલમાં મુકી દઇએ. હું હૉસ્ટેલમાં શું કામ જાઉં. હું કેટલો નાનો છું. હજુ તો ફૉર્થમાં ભણું છું. આ લોકોને દયા પણ નથી આવતી કે આટલા નાના છોકરાને હોસ્ટેલમાં કઇ મોકલાતો હશે. આના કરતાં તો ભગવાન મને બીજા કોઇના ઘરમાં મોકલ્યો હોય તો સારું હતું. જયાં ઝઘડાં ન હોય.

એક દિવસ મમ્મી કોઇની સાથે વાતો કરતાં જૂઠું બોલતી હતી. મને એવો ગુસ્સો આવ્યો કે પાસે પડેલું રીમોટ ઉઠાવીને સામેનાં કાચનાં મારી દીધું. કાચના તો ભુક્કા બોલી ગયાં. મમ્મી ગુસ્સામાં ઉકળી ઊઠી. 'આ શું?' મેં કહ્યું 'તું જૂઠું બોલતી હતી.' મમ્મીએ વધુ ગુસ્સે થતાં બોલી 'તને શું ખબર સાચું શું ને ખોટું શું છે.' મમ્મીએ રાડારાડ કરી મુકી. મેં પણ બૂમાબૂમ કરી. 'મને બધી ખબર છે.' મમ્મીનો ઉગામેલો હાથ હેઠો આવી ગયો. તેણે ધીમેથી કહ્યું, 'બેટા, સાચાંનો જમાનો જ નથી.' મમ્મી ઉપદેશનું માખણ લગાવતી હતી. મેં મમ્મી પપ્પા બંનેને ઘણી વખત જૂઠું બોલતાં સાંભળ્યા છે. તે હોય અહીં ને કહેશે બીજે કયાંક, માણસના આ જુઠને માણસ જ પકડી શકે. પણ કહેવાય છે કે એવું મશીન નીકળ્યું છે, મને એમ થાય છે કે હું પણ એવું મશીન લઇ આવું અને પપ્પા મમ્મીને જૂઠું બોલવા માટેનાં સબક શીખવાડું. બંને સાવ જુઠ્ઠાં છે. સ્કૂલમાં ટીચર કહે છે કે, 'સાચું બોલો, બીજાને મદદ કરો.' મને સમજ પડતી નથી કે સ્કૂલનું સાચ અલગ છે ને ઘરનું સાચ અલગ છે. એવું કઇ રીતે થઇ શકે. મને તો એટલી સમજ પડે છે કે જે જેવું તે તેવું કહે, એ જ સાચું છે. અહીંયા તો કંઇ સમજણ જ પડતી નથી કે સાચું શું છે ને જૂઠું શું છે. કોણ સાચું ન કોણ જૂઠું.

એક દિવસ પપ્પા પાણીની ટાંકી સાફ કરતાં હતા. જીદ કરીને હું તેમાં ઉતર્યો. ટાંકી કેટલી ઊંડી છે તે જોઇને હું ખુશ થયો. મનમાં જ વિચારી રાખ્યું. અને એક દિવસ જે વિચાર્યું હતું તે કરી બતાવ્યું. તે પણ કોઇ જાણી ન જાય એ રીતે. એક સાથે બંનેનાં મોબાઇલ પાણીમાં. પછી ઢાકણું બંધ. કોઇને ખબર ન પડે એ રીતે.

એક સાથે બંને મોબાઇલ ગાયબ. ઘરમાં આમ તેમ અહીં તહીં બધે શોધ્યો. લેન્ડલાઇન પરથી રીંગ કરી જોઇ. પણ મોબાઇલ ન મળ્યા. છેવટે વાત ત્યાં આવીને અટકી કે જરૂર કોઇ ઘરમાં ઘુસીને મોબાઇલ ચોરી ગયું લાગે છે. હું રાજી થયો. કંપનીવાળાને જાણ કરી દીધેલી. બે-ત્રણ દિવસ ઘરમાં બધુ બરાબર રહ્યું, ન કોઇ ઝઘડો કે ન કોઇ ટેન્શન પોલીસ સ્ટેશને એફ.આઇ.આર. લખાવ્યા પછી ઘેર પાછા ફરતાં નવા મોબાઇલ લેવાની વાત મેં સાંભળી એટલે મમ્મી પપ્પાને નજીક બોલાવી કહ્યું, 'રહેવા દોને, ઘરમાં ફરીથી ઝઘડા શું કામ ખરીદી લાવો છો. જુઓ કેવું સારું લાગે છે. તમારા બંનેનાં ચહેરા કેવા સુંદર લાગી રહ્યાં છે. ઘર ઘર જેવું લાગે છે.' પછી જરા અટકીને કહ્યું. 'સૉરી મેં જ બંનેના મોબાઇલ પાણીની ટાંકીમાં નાંખી દીધા છે.' હું નીચી મુંડી કરીને ઊભો રહ્યો. મેં ધીમે રહીને નજર ઊંચી કરીને જોયું. મમ્મી પપ્પા મારા તરફ જોઇ રહ્યાં હતા.

બંને એ ટાંકીનું ઢાંકણ ખોલીને જોયું. કંઇ દેખાયું નહીં. અંધારું થઇ ગયું હતું. હું ટૉર્ચ લઇને આવ્યો. ટૉર્ચના પ્રકાશમાં બતાવતાં મેં કહ્યું, 'જુઓ બંને ચુપચાપ પડ્યા છે. ન લડાઇ ન ઝઘડો.' પહેલાં બંનેએ મારી તરફ જોયું પછી બંને એકબીજાની તરફ જોવા લાગ્યાં.

કોણ જાણે કેમ પણ મને આજ બિલકુલ ડર લાગતો ન હતો. કે ફરી બંને વચ્ચે ઝઘડા તો શરૂ થઇ નહીં જાય ને!

- vanvihari@gmail.com

આપણી સાહિત્યની કવિતાઓ ખુબ સુંદર અને અર્થપૂર્ણ હોવા છતાં ફિલ્મીગીતો ને જ 'સ્ટેટ્સ' મળે છે તે કવિતાને નથી મળતું તે હકીકત છે

પારિજાત

- રેખા ભટ્ટ

જિંદગી કે રંગ કઈ રે
સાથી રે, જિંદગી કે રંગ કઈ રે...

આપણે રંગો વિનાની દુનિયાની કલ્પના કરી શકતા નથી. જાતજાતનાં ફૂલોએ અને કુદરતના રંગોએ આપણી જિંદગીમાં રંગ ભર્યો છે.

આવું જ કંઇક કહી શકાય ફિલ્મી ગીતો માટે. આપણામાં જે કંઇ - મીઠાશ - મધુરપ - થનગનાટ - આનંદ - ઉત્સાહ છે તેમાં ફિલ્મી ગીતોનો ફાળો ઓછો નથી. ગમે તેવી બેસૂરી વ્યક્તિ પણ મનગમતાં ગીતો ગણગણ્યા વગર નહીં રહી શકતી હોય. 'સૂરીલાં' હોય તેમની તો વાત જ શું કરવી? સૌ કોઇને ફિલ્મીગીતોનો રંગ લાગેલો જ છે કોઇને વધતો - કોઇનો ઓછો.

તાજેતરમાં જ વાત કરીએ તો, સુપરસ્ટાર રાજેશ ખન્નાને જે જબરદસ્ત કવરેજ મળ્યું તે ભલભલાંને ઈર્ષા કરાવે તેવું હતુ. રાજેશ ખન્નાને સુપરસ્ટાર બનાવવામાં અને અવસાન પછી અમર બનાવવામાં ફિલ્મી ગીતોનો ફોળો કેટલો બધો છે? આનંદ, આરાધના કે અમરપ્રેમ - માં એક પણ ગીત ના હોય તો? યોગેશનું 'કહીં દૂર જબ દિન ઢલ જાયે...' ગીત કે મન્નાડેના અવાજમાં 'જિંદગી કૈસી યે પહેલી હાયે...' કે એસ.ડી.બર્મનના કે સલીલ ચૌધરીનાં સંગીત વિના રાજેશ ખન્ના 'સુપરસ્ટાર' હોત?

ફિલ્મી ગીતો કહી ઘણાંનું નાકનું ટેરવું ચઢી જતું હશે. પણ અસંખ્ય ગીતો એવાં છે જેમાં ઠાંસી ઠાંસીને ફિલસૂફી ભરી છે, દેશ પ્રેમ કે ઇશ્વર પ્રેમ ભરેલો છે.

આપણી સાહિત્યની કવિતાઓ ખુબ સુંદર અને અર્થપૂર્ણ હોવા છતાં ફિલ્મીગીતો ને જ 'સ્ટેટ્સ' મળે છે તે કવિતાને નથી મળતું તે હકીકત છે.

આજનું સંગીત પહેલાં જેવું નથી એમ બોલીએ ત્યારે એમાં સંગીતની વાત નથી હોતી પણ આપણાં મનમાં એ અર્થ હોય છે કે ગીતના શબ્દો બરાબર નથી.

ફિલ્મી ગીતોનાં શબ્દોની એ અસર છે કે, 'અય મેરે વતન કે લોગોં...' સાંભળીને કોણ નહીં રડ્યું હોય? 'કર ચલે હમ ફિદા જાન-ઓ-તન સાથીઓ, અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ...' કે 'રાષ્ટ્રગીતની સાથે સાથે તુમ્હે દિખાયે ઝાંકી હિન્દુસ્તાન કી...' રાષ્ટ્રગીતની સાથે સાથે વાગ્યા કરે છે. આપણાં નવો પ્રાણ ફૂંકી દે છે. નવરચનાનું કે ક્રાંતિ કરવાનું જોમ છે ફિલ્મી ગીતોમાં...

'આય માલિક તેરે બંદે હમ...' કે હમકો મનકી શક્તિ દેના. શાળામાં પ્રાર્થના પછી તરત ગવાય છે. આપણા બાળકોની પ્રાર્થનાપોથીમાં આ ગીતોને સ્થાન મળ્યું છે.

ફિલ્મી ગીતો એટલે પ્રેમનાં ગીતો કે વેવલાવેડા નથી. ઊંચા ગજાનાં ફિલ્મી ગીતકારોએ પોતાની અદ્‌ભૂત સર્જનશક્તિથી એક એકથી ચઢિયાતાં ગીતો આપણને આપ્યાં છે. જેનાથી સમાજમાં ચોક્કસ ચેતના ફેલાવે છે. દેશભક્તિ હોય કે ઇશ્વરભક્તિ - ફિલ્મી ગીતો વગર સહેજ ફીકકી લાગે છે.

સાહિર લુધિયાનવી, શકીલ બદાયૂંની, કૈફી આઝમી, શૈલેન્દ્ર, રાજેન્દ્ર કૃષ્ણ, હસરત જયપુરીથી માંડીને ગુલઝાર અને જાવેદ અખ્તર જેવા સમર્થ ગીતકારો અને જયદેવ, સલિલ ચૌધરી, શંકર-જયકિશન, રવિ, એસ.ડી.બર્મન, કે આર.ડી. બર્મન જેવા સંગીતકારો અને લતા, આશા, રફી, મુકેશ, કિશોરકુમાર, મન્નાડે, મહેન્દ્ર કપૂર... ગીતા દત્ત જેવા ધૂરંધર ગાયકો - બધાંએ ભેગાં મળીને જ ગીત-સંગીતની અદ્‌ભૂત દુનિયા ખડી કરી છે તેને આપણા જીવનમાંથી બાદ કરીએ તો બાકી શું રહેશે?

અને ગીતો પણ કેવાં? દરેક મૂડમાં ગીતો - દોસ્તી, પ્રેમ-વિરહ, બેવફાઇ, ઉદાસી, આનંદ, તહેવારોની ઉજવણીનાં, દરેક ઋતુનાં, દરેક પ્રસંગનાં લગ્ન, મરણ-જન્મ, જન્મદિવસ... આપણાં જીવનમાં જે કંઇ ક્ષણે ક્ષણે બને કે પળે - પળે અનુભવાય, તે તમામનાં ગીતો રચાયાં છે.

લગ્નમાં એકાદ વિધિ ઓછી હોય એવું બને પણ 'મેરી પ્યારી બહનિયાં... કે બાબુલ પ્યારે કે... આજ મેરે યાર કી શાદી હૈ' વાગ્યા વગર કોનું લગ્ન પૂરું થયું હશે? રેડિયો સિલોન અને વિવિધ ભારતી સાંભળતાં સાંભળતાં જ દિવસ શરૂ થતો હતો આપણો. આપણને જિંદગી માણતાં - સજાવતાં - રંગ ભરતાં શીખવ્યું ફિલ્મી ગીતોએ. વડીલ વર્ગ આમ તો સલાહ આપવા માટે અને જુવાનિયાંને ટોકવા માટે પ્રખ્યાત છે. રંગબેરંગી કપડાં માટે કે પટિયાં પાડીને માથું ઓળવા વિષે સલાહો આપતા ફરતાં વડીલોને પણ જો તમે પંકજ મલ્લિક કે સાયગલ યાદ કરાવી શકો તો તને વઢવાનું ભૂલીને ખોવાઇ જશે એમની દુનિયામાં... જયારે તેએ પોતે દેવાનંદ જેવી હેર સ્ટાઇલ રાખતા હતા અને દિલીપકુમારની ફિલ્મો જોતાં હતા ત્રણ-ચાર વાર...

ભગવાન માટે કહેવાય છે એ અણુ - અણુ માં છે.એમ ફિલ્મી ગીતો આપણી ક્ષણે-ક્ષણમાં છે. ભાગ્યે જ કોઇ એવું હશે જે ફિલ્મી ગીતો નહીં ગણગણતાં હોય અને તક મળે ત્યારે અંતાક્ષરીમાં 'જામી' પડ્યા ના હોય.

આ વાંચીને તમને અસંખ્ય મનગમતાં ગીતો યાદ આવી ગયાં હશે, અને હાથની ચપટી વાગી ગઇ હશે. એ નક્કી વાત છે. નથી વાગી ચપટી? તો, ભગવાન બચાવે તમને અને તમારાથી સૌને.

ઓ હો રે...
''તાર મિલે નદી કે જલ મેં નદી મિલે સાગર મેં
સાગર મિલે કૌન સે જલમેં કોઇ જાને ના...''

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૫મી જુલાઇ

- પરમહંસ રમણમહર્ષિની પુણ્યતિથિ. આત્મ સાક્ષાત્કારના વિશુધ્ધ આનંદમાં મગ્ન રહેનારા મહર્ષિ ખૂબ જ ઓછું બોલતાં પણ જે બોલતાં તે હૃદય સોંસરવું ઉતરી જતું. વર્તમાન રમણાશ્રમ પલીલતીર્થમ - અરૂણાચલના દક્ષિણ ઢોળાવ પર આજેય તેમની સ્મૃતિ રૂપે છે.
- વિખ્યાત મયુરાસન ઇસ્તંબુલ પાસે છે તેવું ૧૯૦૬નાં ૨૫મી જુલાઇના 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'માં જાહેર થયું.
- ૧૯૫૮ માં ખંભાતથી ૮ માઇલ દૂર કૂવો ખોદવો ચાલુ થયો. તેમાં ગુજરાતના સૌ પ્રથમ તેલના દર્શન થયા.
- ૧૮૯૮ માં ૧૦૦ ઉપરાંતના પુસ્તકોનાં લેખક, તારાશંકર બંદ્યોપાધ્યાયનો જન્મ.

ઝાકળ થઇ તોયે તરસી રહી, કોરે ઘડે ભરાઇને ગળતી રહી, ચહેરે કોતરાવી હાસ્યનું છુંદણ, ઓશીકે ઉના ડુસકાં ભરતી રહી

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

હજુ ૧૪મી ફેબ્રુઆરીએ વૅલેન્ટાઇન ડેના દિવસે તો એમનાં લગ્ન થયેલાં, પ્રેમલગ્નને માતા-પિતાની સ્વીકૃતિએ સમાજમાં રિતરિવાજ મુજબ વાજતે ગાજતે કર્યાં... હજુ તો ચોમાસાના વાદળોનો ગડગડાટ સંભળાય એ પહેલાં જ પતિની થપ્પડનો અવાજ ફલૅટની દિવાલોમાં ગૂંજી ઊઠ્યો કે જે ફ્લૅટ પ્રેમીએ ખાસ એની પ્રેમિકા માટે લગ્ન પહેલાં જ ખરીદેલો, માત્ર છ મહિનામાં પ્રેમનો ઉભરો શમીને પ્રેમની ઝપ્પીએ જગ્યાએ ઝપાઝપીને પછી થપ્પડ...!!

આ તદ્દન સાચી વાતને અનુસંધાને બે વર્ષ પહેલાં અમેરિકન કૉર્ટમાં ચાલેલો ખટકો અને એનાં પ્રત્યાઘાતો યાદ આવી ગયાં... પતી મારઝૂડ કરે છે એટલે પત્નીએ કોર્ટમાં કેસ કરેલો, અમેરિકા એટલે કેમ ઝડપી ચાલ્યો અને માત્ર ૬ મહિનામાં એ કેસનો નિકાલ આવ્યો કે પતિ એની પત્નીને વર્ષમાં એકવાર મારી શકશે!! ખુબ ગઝબનો નિર્ણય જાહેર કર્યો અને મીડિયાએ એનો મન ભરીને વિરોધ કર્યો!!

પણ આ ઘટના કંઇ અપવાદ નથી. દુનિયાની કેટલીયે કોર્ટમાં આવાં ખટલાં ચાલે છે. માત્ર છૂટાછેડાના નહીં પણ મારઝૂડમાં પણ અગણિત કેસો છે... ભારતમાં સ્ત્રી પરપનાં અત્યાચારનું પ્રમાણ અધીક છે. અને આવું માત્ર અશિક્ષિત લોકોમાં છે એવું નહીં પણ ભણેલાં ગણેલાં અને યુવાન કપલોમાં પણ જોવા મળે છે. ઉપરનો પ્રથમ કિસ્સો એનું તાજ્જું ઉદાહરણ છે... પત્ની મોડી ઘરે આવે છે, રસોઇ સારી બનાવતી નથી કે ટાઇમસર કરતી નથી, પતીની ઇચ્છા પ્રમાણે રહેતી નથી કે પિયરિયાનું વધારે ધ્યાન રાખે છે, એનાં વિચારો વધારે પડતાં મૉડર્ન છે જેવાં કૉમન કારણોથી કેસ મારઝૂડ સુધી પહોંચે છે!!

પતિ-પત્ની વચ્ચેનાં મારઝૂડની કહાની ઘર ઘર કી થયેલી જોઇ અમેરિકાના મનોવૈજ્ઞાનિક સ્ટિફની લુઇસે પુરૂષોની હાથ ઉપાડવાની મનોવૃત્તિનો અભ્યાસ કર્યો અને એમણે કહ્યું કે, 'પત્ની પર હાથ ઉપાડવા પાછળનું એક જ કારણ છે કે પુરૂષને જયારથી ખબર પડી છે ત્યારથી એનાં મગજમાં એક જ વાક્ય ફીટ થઇ જાય છે કે, બિકૉઝ આઇ એમ મૅન. હું એક પુરૂષ છું અને ધીમે ધીમે એ વાક્ય પછી વૃત્તિ બની જાય છે!! અને આમાંથી જ આગળ જતાં પત્ની પર અધિકાર જતાવવાની અને પોતાનું ધાર્યું કરી લેવાની વૃત્તિ ઘર કરી જાય છે. લગ્ન બાદ તો જેનાં પર અધિક પ્રેમ હોય એવી પત્ની પર જ હાથ ઉપાડાઇ જાય છે!!'

ગાંધીનગરની એક કૉલેજનાં યુવક-યુવકીઓનાં સંદર્ભે પુછાયેલાં પ્રશ્નન